# મૂર્તિ

સર્વ સાધનનું ફળ

ડિસેમ્બર- ૨૦૨૫
વર્ષ : ૨૨ અંક : ૧૨
વાર્ષિક :₹ ૫૦/-

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

**અનાદિ મહામુક્તરાજશ્રી અબજીબાપા સ્મૃતિ શતાબ્દી**

100 સંવત ૧૯૮૪-૨૦૮૪ વર્ષ-2028

સંવત ૨૦૮૪ વૈશાખ સુદ ૭ થી વૈશાખ સુદ ૧૫
તા.૧-૫-૨૮ સોમવાર થી ૮-૫-૨૦૨૮ સોમવાર

શ્રી અબજીબાપાની છતેડી
• બળદિયા, ભુજ-કચ્છ •

## ૧૮૧ માં અબજીબાપાશ્રી પ્રાગટ્ય ઉપલક્ષ્યે



'પુરૂષોત્તમ પ્રકાશ' પંચાહ્ન પારાયણ
વક્તા : સ.ગુ. શા. શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામી




પારાયણ મહાપૂજા



અભિષેક



પ્રાગટ્ય આરતી



સમુહ પારાયણ આરતી



અભિષેક દર્શન





યજમાન - સહયજમાન સન્માન

# ૧૮૧ માં અબજીબાપાશ્રી પ્રાગટ્ય ઉપલક્ષ્યે

## 'પુરૂષોત્તમ પ્રકાશ' પંચાહ્ન પારાયણ


































## ૧૯૧ માં અબજીબાપાશ્રી પ્રાગટ્ય ઉપલક્ષ્યે





અભિષેક











શિક્ષાપત્રી દ્વિશતાબ્દિ એવમ્ બાપાશ્રી પ્રાગટ્ય ઉપલક્ષ્યે મહાપૂજા તેમજ શિક્ષાપત્રી પૂજન







વચનામૃત સહસ્ચાર્થ તથા બાપાશ્રીની વાતોની સમુહ પારાયણ











બાપાશ્રી પ્રાગટ્યોત્સવ

RNI No.: GUJGUJ/2004/52455



# મૂર્તિ




ડિસેમ્બર : ૨૦૨૫

વર્ષ : ૨૨

અંક : ૧૨

## દિવ્ય પ્રેરણા

પ.પૂ. અ.મુ. મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી



## તંત્રી

શ્રી કલ્યાણ નારાણ વેકરીયા

## પ્રકાશક

શ્રી અબજીબાપાની છતેડી અને
હનુમાનજી મંદિર
બળદિયા-ભુજ (કચ્છ)
મોબાઈલ : ૯૦૯૯૦ ૪૯૨૮૨
૯૦૯૯૦ ૪૯૨૮૪
E-mail : abjibapachhatedi@gmail.com
Website : www.abjibapanichhatedi.org

## લવાજમ

| | |
|---|---|
| વાર્ષિક | : રૂા. ૫૦/- |
| પંચ વાર્ષિક | : રૂા. ૨૦૦/- |
| ૨૦ વાર્ષિક | : રૂા. ૫૦૦/- |
| વિદેશમાં ૨૦ વાર્ષિક | : રૂા. ૪૦૦૦/- |

## પ્રકાશન તારીખ

દર માસની ૧૧ તારીખે

## પ્રિન્ટીંગ

સ્વસ્તિક પ્રિન્ટર્સ-ભુજ
બેઝમેન્ટ, પિંડોરીયા ચેમ્બર્સ,
ન્યુ સ્ટેશન રોડ, ભુજ - કચ્છ.
E-mail : swastik.gr@gmail.com




| અનુક્રમ | પેજ |
|---|---|
| પુરૂષોત્તમ પ્રકાશ પંચાહ્ન પારાયણ | ૬ |
| પ્રવચનમાળા | ૧૬ |
| કેળવણી | ૨૦ |




# બાપાશ્રી પ્રાગટ્યોત્સવ ઉપલક્ષે

**‘પુરુષોત્તમ પ્રકાશ’ પંચાહ્ન પારાયણ તા.૨૯/૧૦/૨૫ થી તા.૨/૧૧/૨૫**

વક્તા :- સ.ગુ. શા. શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામી

યજમાન :-શ્રી કાનજીભાઈ ભવાનભાઈ રૂપાણી સહપરિવાર

સહયજમાન :-૧)મૂ.નિ. કાન્તિલાલ પોપટલાલ ઝીંઝુવાડીયા સહપરિવાર

૨) મૂ.નિ. કાંતાબેન ગોપાલભાઈ ગાંધી સહપરિવાર

સભા સંચાલન :- શ્રી બાબુભાઈ ડુંગરાણી

- **તા.૨૯/૧૦/૨૦૨૫- પ્રથમ દિન (પ્રથમ સત્ર)**

**પોથીયાત્રા :-** શ્રી અબજીબાપાની છતેડી બહેનો મંદિરથી પોથીનું વિધિવત પૂજન કરી યજમાન, સહયજમાન પરિવાર તથા અગ્રગણ્ય બહેનો હરિભક્તો દ્વારા નિજમંદિર થઈ ડી.જે.ના કિર્તન-સુર સાથે સહજાનંદ મંડપમ્ ઉત્સવ સભામંડપમાં લાવવામાં આવી. ત્યારબાદ યજમાન, સહયજમાન, ટ્રસ્ટીશ્રીઓ તથા અગ્રગણ્ય હરિભક્તો દ્વારા વ્યાસપીઠ તથા મૂર્તિ પાસે સ્થાપન કરવામાં આવી. ત્યારબાદ વક્તાશ્રીનું પૂજન કરવામાં આવ્યું. ત્યારબાદ આરતી ઉતારવામાં આવી અને પ્રથમ સત્રની કથાનો શુભ આરંભ વક્તા સદ્ શા.શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામીએ કર્યો. એ દિવ્ય કથાના પવિત્ર સંસ્મરણો અહિં પ્રસ્તુત છે.

**કથા પ્રસંગ :-**

- પુરુષોત્તમ નારાયણ અને તેમના મુક્તો જેમને મળ્યા તેમનું કલ્યાણ તો થઈ ગયું પણ એમના ભક્તનો જેમને સંબંધ થયો અથવા ગુણ આવ્યો તેમનું પણ કલ્યાણ થઈ ગયું એવો આ પુરુષોત્તમ નારાયણનો મહિમા છે જે આ પુરુષોત્તમ પ્રકાશ ગ્રંથ દ્વારા આપણે જાણીશું અને માણીશું.
- પુરુષોત્તમ નારાયણ જ્યારે પૃથ્વી પર પ્રગટ થાય છે ત્યારે તેમના થકી જીવોનું મૂળ-અજ્ઞાન નાશ પામે છે.
- પૂર્વે ભગવાનના અવતાર કોઈક મનુષ્યથી વિજાતિ હતા. સજાતિ-સજાતિમાં હેત થાય એવું વિજાતિમાં ન થાય.
- રામ-કૃષ્ણાદિક અવતાર રાજારૂપે થયા તેથી સહુને તેમનો યોગ થવો દુર્લભ અને આ વખતે સાધુરૂપે થયા તો સહુને તેમનો યોગ સુલભ થયો.
- ભગવાને આપણને ઈન્દ્રિયો, મન, બુદ્ધિ અને પ્રાણ આપ્યા તો હવે તેનો વિવેકપૂર્ણ ઉપયોગ કરી ભગવાન મેળવી લેવા. તે માટે સત્પુરુષનો સંગ બહુ જરૂર છે.
- આ બ્રહ્માંડમાં સર્વોપરી ભગવાન પ્રથમવાર પ્રગટ થયા. તેમણે કરેલા કાર્યોનું વર્ણન પુરુષોત્તમ પ્રકાશ ગ્રંથમાં મહાત્મ્યે સહિત વર્ણવ્યું છે.
- ઘનશ્યામ પ્રભુ છપૈયામાં પ્રગટ થઈ બાળ ચરિત્રો કર્યા. ત્યારબાદ અયોધ્યા ગયા, ત્યાં પણ અદ્ભૂત ચરિત્રો કર્યા અને માત-પિતાને દિવ્યગતિ આપી. ૧૧ વર્ષની વયે વનની વાટ લીધી. સાત વર્ષ વનમાં વિચરણ કરી તીર્થો પાવન કર્યા, અનેક યાત્રી, તપસ્વીઓને દર્શન આપી તેમને તેમની તપશ્ચર્યાનું ફળ આપી કૃતાર્થ કર્યા. તે પર ગોપાળયોગી અને નવલાખ યોગીની વાત કરી.
- પોતાની ૧૮ વર્ષની વયે લોજમાં રામાનંદ સ્વામીના આશ્રમમાં આવી રહ્યા અને પછી તેમની સાથે સોરઠમાં વિચરણ કર્યુ. રામાનંદ સ્વામીએ તેમનું સહજાનંદ અને નારાયણમુનિ એવા નામ આપી પોતાના સ્થાને તેમને બેસાડી અંતરધ્યાન થયા. મુક્તાનંદ, સુખાનંદ, રામદાસભાઈ આદિ મોટા સંતો પણ નાના એવા સહજાનંદ સ્વામીની અનુવૃત્તિમાં રહ્યા.
- રામાનંદ સ્વામીના અંતરધ્યાન થયા પછી પોતાનો પ્રૌઢ પ્રતાપ બતાવ્યો. સ્વામિનારાયણ મંત્ર ફરેણીમાં આપી તેનો જાપ કરવા કહ્યું.
- ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, સ્વરૂપાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી જેવા મહાન સંતો બનાવ્યા અને તેવા સંતો દ્વારા પણ સત્સંગ કરાવી મોક્ષ માર્ગ ચલાવ્યો.
- સમાધિ દ્વારા પણ અનેક જીવોને સમાધિ કરાવી તેમના ઈષ્ટદેવરૂપે દર્શન આપી પોતાના આશ્રિત કર્યા.
- સદાવ્રતો બાંધ્યા અને તેમાં જે આવીને જમે તેના પણ કલ્યાણ કર્યા.
- અનેક મુમુક્ષુઓ તેમજ પાત્ર-કુપાત્ર જોયા વગર સહુને ન્યાલ કર્યા. ‘‘જેને જોઈએ તે આવો મોક્ષ માંગવારે લોલ....’’



દશ ઈન્દ્રિયો ને અગીયારમું મન તેમને પોત પોતાના વિષયમાંથી કાઢીને ભગવાનમાં જોડવા તેને એકાદશીનું વ્રત કર્યુ કહેવાય.

- પોતે ઘડીનો પણ વિશ્રામ લીધા વિના સતત વિચરણ કરી ગામો ગામ ફરી પોતાના દર્શન, સ્પર્શ, ચીજ વસ્તુના સંસર્ગથી જીવોને પોતાના સન્મુખ કર્યા. પોતાના સંતો ભક્તો દ્વારા પણ એવી જ રીત ચલાવી. પણ આ બધું જોઈ કેટલાક મતવાદીઓથી સહન ન થયું તેથી સંતો-ભક્તોને કષ્ટ દેવા લાગ્યા.
- ધ્રાંગધ્રા પાસેના એક ગામમાં બાવાએ મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામીને પૂરી દીધા અને નાક-કાન કાપવાનું કર્યું, ત્યારે એક માણસ ત્યાંથી નિકળ્યો અને બાવાજીને બાંધી દિધો, સંતોને છોડાવી દીધા એ માણસનો અંતકાળે મોક્ષ કર્યો.
- સમર્થ હોય તેનાથી શું ન થાય? તો પણ જીવોની અવડાઈ ન જોઈ. ભગવાન તો કર્તા, અકર્તા, અન્યથાકર્તા છે. એમ આટલું જ કરી શકે એવું નથી. ચાહે તે કરી શકે.
- કારીયાણીમાં શ્રીજી મહારાજ અને ગોપાળાનંદ સ્વામી જે હેતુ માટે પધાર્યા તેની વાત સાંભળી નિષ્કુળાનંદ સ્વામી આનંદમાં આવી ગયા અને પછી પુરુષોત્તમ પ્રકાશ ગ્રંથ રચ્યો.
- પુરુષોત્તમ પ્રકાશમાં કુલ ૫૫ પ્રકરણ છે. તેમાં શરૂઆત દોહાની ૪ કડીથી અને પછી ૨૦ કડી ચોપાઈની એમ દરેક પ્રકરણમાં છે અને છેલ્લા પ્રકરણમાં ૧ કડી વધારે છે.
- આવા દિવ્ય નૈમીષારણ્ય સ્થાનમાં આવા ગ્રંથની પારાયણ સાંભળવી એ મોટો લાભ છે.
- આ શ્રીજી પ્રસાદીભૂત કાળી તલાવડીએ દેવબાને શ્રીજીમહારાજે પુત્રપણાનું વરદાન આપ્યું અને બાપાશ્રી પ્રગટ થયા. અનેક યજ્ઞ પારાયણો કરાવી અને આ જ સ્થાનમાં તેમનો અંતિમ સંસ્કાર પણ થયો.
- હાથી આગળ સસલું ગલોળીયા ખાય તે જોઈ હાથી રાજી થાય તેમ આપણે જે કરીયે છીએ તે એવું છે જે જોઈ મહારાજ-બાપા રાજી થાય છે.
- પાંચે ઈન્દ્રિયો દ્વારા આપણે ભગવાનનો સંબંધ રાખીયે એ પંચામૃત પારાયણ છે. જેનું શ્રવણ કરવું. મનન કરવું અને નિદિધ્યાસ કરવો તો સાક્ષાત્કાર થાય.
- ''તુલસી ઈસ સંસારમેં પંચરત્ન કી ખાન,
  હરિભજન, સંત સમાગમ, દયા, દાન, ઉપકાર''

જીવને ભગવાન સન્મુખ કરવો એ મોટામાં મોટો ઉપકાર છે.

- ''ઉમા કહું મૈ અનુભવ અપના, સંત હરિ બિન જગત સબ સપના''
- ''ભગવાન ભૂલાય એ સૌથી મોટી વિપત્તિ છે''- વર.૧૬મું વચનામૃત
- ''સર્વ ધર્મ પરિત્યજેન મામકે શરણમ્...''- ભગવદ્ગીતા.૧૮
- ''સુખ પામી રે સખી સુખ પામી, હું તો શામળીયાના શરણે જાતા..'' એમ મુક્તાનંદ સ્વામી કહે છે જે આપણે નિત્ય ગાઈએ છીએ.
- વશરામ સુથારના સંકલ્પ માત્રથી અસંખ્ય કીડીઓનો ઉદ્ધાર થયો અને વિમાનમાં બેસી ધામમાં ગઈ.
- બાપાશ્રીએ મોટા મોટા યજ્ઞો કરી અનેકના કલ્યાણ કર્યા. આમ મુક્તો જીવને અનેક રીતે ભગવાન સન્મુખ કરે છે.
- ભગવાનની મૂર્તિ ચિંતામણી તુલ્ય છે. પણ તેનો મહિમા નથી તેથી માણસ દુ:ખી છે.
- જગતનું સુખ નાશવંત છે તેની પ્રાપ્તી માટે જીવ અવિનાશીને છોડી દે છે એવી તેની ઉંધી સમજણ છે ''મહા બળવંત માયા તમારી, જેણે આવરીયા નર-નારી..''
- જેમ સારંગપુર ગામ અને સીમમાં યમનું તેડુ નહિ એવો વર શ્રીજી મહારાજે આપ્યો એવું વરદાન બાપાશ્રીએ અહીં આપણને પણ આપ્યું છે.
- જાદવજીબાપા, મામાશ્રી તથા મુનિસ્વામી એમ ત્રણ મુક્તોની દિવ્ય અમૃતવાણીનો લાભ લઈ અંતમાં ધૂન કરી પ્રથમ સત્રની પૂર્ણાહુતી થઈ.

### તા.૨૯/૧૦/૨૦૨૫ -પ્રથમ દિન (દ્વિતિય સત્ર)

- સંગીતજ્ઞોએ કિર્તનો ગાયા અને ધૂન કરી ત્યારબાદ વક્તાશ્રીનું પૂજન યજમાન, સહયજમાન, ટ્રસ્ટીશ્રીઓ તથા મોટેરા હરિભક્તોએ કર્યુ ત્યારબાદ કથાની શરૂઆત થઈ.
- જે નામ લેતા બધા પાપ બળી જાય અને પરમપદની પ્રાપ્તિ થાય એવું સ્વામિનારાયણ નામ છે. ''પુરુષોત્તમ પરમ દયાળ રે, તે જ ભક્તિ ધર્મના બાળ રે..'' તેનો મહિમા નિગમ નેતિ-નેતિ કહી ગાય છે. તેવા ભક્તિ ધર્મના પુત્ર સ્વામિનારાયણ ભગવાન છે. તેમને નિરખી તેમાં વૃત્તિ

ચોંટી જતી. તે પર સરખેજના મુસલમાન ભક્ત ડોસા ભાઈની વાત કરી. ડોસાભાઈને તેમના પરિવાર નાતીલાએ અનેક કષ્ટ આપ્યા પણ શ્રીહરિએ તેમની રક્ષા કરી.

- ભગવાને પોતાના શરીરમાં નવ રસને સ્થાન આપ્યું છે.
- એવા ભગવાન આપણને મળ્યા છે.'' અવસર આવ્યો છે કે તમને ભજવાનો..'' તે કિર્તન પર સૌ ભક્તો રાસ રમે છે. ''પૂર્વનું પુણ્ય પ્રગટ થયું જ્યારે, સ્વામિનારાયણ મળિયા રે ત્યારે..''
- ત્યારબાદ ત્રણેય મુક્તોની દિવ્યાવાણીનો લાભ લઈ આરતી-ધૂન કરી પ્રથમ દિન પારાયણ પુર્ણ થઈ.

## તા.૩૦/૧૦/૨૦૨૫-દ્વિતિય દિન (પ્રથમ સત્ર)

<u>છાબયાત્રા :</u>- ઘનશ્યામ મહારાજ અને નિજમંદિરમાં બીરાજેલ સહજાનંદ સ્વામી આદિ સ્વરૂપો માટે વસ્ત્ર, અલંકાર આદિ ભેટ સોગાદ યજમાન, સહયજમાન, મહેમાન આદિ ભક્તોઓ ભાવથી લાવેલ તેનું વાજતે ગાજતે જાદવજીબાપા ભુવનથી નિજમંદિર અને ત્યાંથી કથા મંડપમાં વ્યાસપીઠ પાસે કિર્તન, ધૂન, જયકારના નાદ સાથે સ્થાપન કરવામાં આવી. ત્યારબાદ વક્તાશ્રીનું પૂજન કરવામાં આવ્યું. ત્યારબાદ આરતી ઉતારી દ્વિતિય દિન પ્રથમ સત્રની કથાનો પ્રારંભ વક્તા સદ્.શા.શ્રી. વિશ્વપ્રકાશદાસજી સ્વામીએ કર્યો. એ કથામૃતના દિવ્ય સંસ્મરણો અહિં પ્રસ્તુત છે.

**<u>કથા પ્રસંગ</u>**

- બાપાશ્રી યજ્ઞો કરતા ત્યારે પણ ઠાકોરજી માટે ભેટ સોગાદ અર્પણ કરતા એ તેમના પ્રસંગો જોઈએ છીએ ત્યારે જાણવામાં આવે છે.
- જ્યાં સુધી અંતઃકરણ શુદ્ધ નથી થતું ત્યાં સુધી ભગવાનનું સ્વરૂપ પ્રસ્થાપીત નથી થતું. અંતઃકરણ શુદ્ધ કરવામાં મોટો પુરુષનો યોગ અને તેમની અનુવૃત્તિમાં રહી ભગવાનની આજ્ઞા-ઉપાસના દ્રઢ કરવી પડે.
- અનાદિના જોગ વિના પાધરુ અનાદિ નથી થવાતું. આપણને અનાદિમુક્તો મળ્યા છે તો જેવું તેમને સુખ છે એવું આપણે પણ આવે એવી પ્રાર્થના કરીએ. મોટાએ તો આપણને એ સ્થિતિમાં રાખ્યા જ છે પણ દાસપણું મુકવું નહિ. ''મે હું આદિ અનાદિ.''
- આવા મહારાજ મળ્યા હવે કોઈ પ્રકારનું દુઃખ માનવું નહિ. અને બીજા કોઈ સંકલ્પ પણ ન કરવા. સર્વેને દિવ્ય જાણવા.
- જાદવજીબાપા કહેતા કે સુખ સંતોષમાં છે.
- હાલતા-ચાલતા, ખાતા-પિતા એમ સર્વે ક્રિયામાં ભગવાનની સ્મૃતિ રાખવી (ગ.પ્ર. ૨ ૩)
- ભગવાન પણ જીવને શાસ્ત્રનો મહિમા કહે તે માટે કથા-વાર્તા નિત્ય કરતા.
- ડભાણમાં યજ્ઞમાં એક બ્રાહ્મણ આવ્યો તેને મહારાજે પૂછ્યું જે તમે શું ભણ્યા છો? ત્યારે કહે સ્વામિનારાયણ, સ્વામિનારાયણ, સ્વામિનારાયણ. ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે તમે સર્વે ભણી લીધું એમ રાજીપો જણાવી પોતાને અર્પણ કરેલ ભેટ બધી બ્રાહ્મણને આપી દીધી. માટે સર્વે સાધનનું ફળ મૂર્તિ છે એ ભુલવું નહિ.
- બ્રહ્મરૂપે ભક્તિ કરે તો માયાનું કોઈ આવરણ આડું આવે નહિ.
- આપણે જે કાંઈ મળ્યું છે તે ભગવાને આપ્યું છે માટે તેમાંથી ભગવાનની આજ્ઞા છે કે દશાંશ (૧૦%) અને ગરીબને વિશાંશ (૫%) ભાગ પ્રભુને અર્પણ કરવો. નહિં તો દેવનો ચોર કહેવાય.
- સંત-હરિભક્તોને પંચવર્તમાન પાલન કરવા પર ભાર મુક્યો. તે વિના કલ્યાણ ન થાય. તે નિયમરૂપી કોટ આપણું રક્ષણ કરે છે.
- ગામોગામ વિચરણ કરી પ્રગટનું ભજન કરાવજો જેથી અનેકનું કલ્યાણ થશે એમ સંતોને આજ્ઞા કરી. સંતો ભિક્ષા માગી ખાતા અને વિચરણ કરતા ''જીવ જમના તે હાથથી છોડાવીયા રે લોલ..''
- એક વખત ભિક્ષામાં એક બહેને ક્રોધમાં આવી પોતે પોતું કરતા હતા તે ફેંક્યું. સંતો તે લઈ ધોઈ તેમના રેશામાંથી દિવેટ કરી ભગવાનની આરતી ઉતારી. તેથી બહેનને ખૂબ પસ્તાવો થયો. એમ યેન-કેન પ્રકારે જીવનો કલ્યાણ કર્યા.
- શ્રીજી મહારાજે સોરઠમાં અન્નક્ષેત્ર બાંધ્યા અને તેનું અન્ન જમનારના કલ્યાણ કર્યા.
- ત્રણે મુક્તોની દિવ્ય અમૃતવાણીનો સભાએ લાભ લીધો. ધૂન કરી સત્રની સમાપ્તિ કરી.

## તા.૩૦/૧૦/૨૦૨૫ દ્વિતિય દિન (દ્વિતિય સત્ર)

- સંગીતજ્ઞોએ કિર્તન-ધૂનની રમઝટ બોલાવી. ત્યારબાદ વક્તાશ્રીનું પૂજન થયું અને કથાની શરૂઆત થઈ.
- જીવ-પ્રાણી માત્રના નાડી-પ્રાણ ભગવાનના હાથમાં છે. ભગવાન કહે અમે પણ અમારો મહિમા કહી શકતા નથી ત્યારે જીવ શા લેખામાં. આ તો કીડી-કુંજરનો મેળાપ છે.
- ભગવાન પોતે પૂર્ણકામ છે એમને કાંઈ પામવાનું નથી. એવું અભયપદ કૃપા કરી પોતાના ભક્તોને પણ આપે છે.
- વેદ પણ ભગવાનને પૂર્ણ કહે છે. ''પૂર્ણમિદં....'' એવા ભગવાન જીવોના કલ્યાણ અર્થે ધર્મ-ભક્તિ થકી પ્રગટ થઈ જીવો પર અપાર કરૂણા કરી આત્યંતિક કલ્યાણ કર્યા. નજર રખીયો એટલું કહ્યું એમા બીબરીનું મુક્તાનંદ સ્વામી હારે કલ્યાણ કર્યુ. કભાવે યાદ કરનારનું પણ કલ્યાણ કર્યુ.
- મેથાણના ગોવિંદરામ અને અમરબાઈ લગ્ન કરી તરત તે વસ્ત્રોમાં જ શ્રીજી મહારાજના દર્શને ગયા ત્યારે મહારાજ બોલ્યા જે ભાઈ-બહેન સાથે આવ્યા? આ સાંભળી બન્નેએ આજીવન બ્રહ્મચર્ય વ્રતનું પાલન કર્યું.
- પીજના કશીયા પટેલને ત્યાં મહેમાન આવે ત્યારે પાંચ વખત સ્વામિનારાયણ નામ લેવડાવે પછી જમાડે. એક વખત કાશીયાબાપુ તેમના મહેમાન થયા અને પાંચ વાર નામ ન લેવું એવું નક્કી કર્યુ પણ યુક્તિથી નામ લેવડાવી પછી તેમને જમાડ્યા.
- મછીયાવના ફૈબાએ મહારાજની ખૂબ સેવા કરી પણ પોતાના વહુ એ પણ ભગવાનના ખરા ભક્ત અને મહારાજમાં નિષ્ઠાવાળા હતા પણ તેની આગળ માન મેલ્યું નહિ અને મહારાજનું વચન પણ સંભાળ્યું નહિ. તો મહારાજ ત્યાંથી ચાલ્યા ગયા અને મછિયાવ આવ્યા નહિ. માટે માન ન રાખવું.
- આપણા સહુ ઉપર ભગવાનની અમૃત દૃષ્ટિ છે. અંતરયામીપણે આપણા મનોરથ પૂર્ણ કરે છે. માટે હરહંમેશા ભગવાનને યાદ કર્યા કરવા.
- રાજા ગાદીએ બેસે ત્યારે કેદીઓને તેના ગુના માફ કરી છોડી મૂકે છે. તેમ શ્રીજીમહારાજ દયા કરી આપણા ગુન્હા માફ કર્યા છે. રામાનંદ સ્વામી પાસે પોતાના ભક્તો માટે બે વરદાન માંગ્યા (૧)તમારા ભક્તને વિંછીની વેદના થવાની હોય તો તે મને રૂંવાડે રૂંવાડે થાઓ પણ તેમને ન થાઓ. અને (૨) તમારા ભક્તના પ્રારબ્ધમાં રામપાત્ર (માંગી ખાવું) લખ્યું હોય તો તે મને થાઓ પણ તમારો ભક્ત અન્ન-વસ્ત્રે દુઃખી ન થાય. ''મહા મોટો પ્રતાપ પ્રગટાવી રે, રીત નૌતમ ન્યારી ચલાવી રે..''
- ત્રણેય મુક્તોની દિવ્યવાણીનો લાભ લઈ આરતી ધૂન કરી દ્વિતિય દિનની કથાની પૂર્ણાહુતી કરવામાં આવી.
- **તા.૩૧/૧૦/૨૦૨૫:- તૃતિય દિન (પ્રથમ સત્ર)**
- **સમૂહ પારાયણ** :- સવારની આરતી કર્યા બાદ બાપાશ્રી પ્રાગટ્ય ઉત્સવમાં પધારેલ સર્વે હરિભક્તોએ મુનિસ્વામી સભામંડપમાં બાપાશ્રીની વાતોની સમૂહ પારાયણ કરી. આમ બાપાશ્રી પ્રાગટ્ય ઉપલક્ષ્યે વચનામૃત સહસ્યાર્થ અને બાપાશ્રીની વાતો ભાગ-૧ અને ભાગ-૨ ની પણ પારાયણ થઈ. ત્યારબાદ સહુ હરિભક્તો સવારનો નાસ્તો કરી કથા-વાર્તાનો લાભ લેવા શ્રી સહજાનંદ મંડપમાં પધાર્યા. વક્તાશ્રી વ્યાસપીઠ ગ્રહણ કરે ત્યાં સુધી કિર્તન-ભક્તિનો લાભ દરરોજની માફક લીધો. ત્યારબાદ વક્તાશ્રી પધાર્યા અને યજમાન, સહયજમાન, ટ્રસ્ટીશ્રીઓ તથા આમંત્રિત મહેમાનોએ તેમનું પૂજન કર્યુ. ત્યારબાદ આરતી થઈ અને વક્તાશ્રીએ કથા શરૂ કરી.
- આપણે પુરુષોત્તમરૂપ થઈને પુરુષોત્તમ પ્રકાશની કથા સાંભળીશું તો અનેરો આનંદ આવશે. બાકી તો જગતમાં દુઃખ ડોકીયા કાઢીને બેઠું જ છે. તેનાથી ભક્તોએ દૂર રહેવું.
- કથારૂપી અમૃતથી મૃત્યુરૂપ ભયથી પર થવાય છે અને અમૃતપદની પ્રાપ્તિ થાય છે.
- ભગવાન અને ભગવાનના ચરિત્રો જુદા નથી.
- ''બીનો હરિકૃપા મીલે નહિ સંતો...'' માટે તેમનો યોગ સમાગમ કરવા સમય કાઢવો એ ઉત્તમ ધર્માદો છે. તેમને તો '' છતાં દેહે ધામ, થાય પૂરણકામ...'' એવું છે.
- ''અનાદિમુક્તોડહં, સ્વામિનારાયણ દાસો અસ્મિ,'' ''શ્રીજી મહારાજે મને અનાદિમુક્ત કરી મૂર્તિમાં રાખ્યો છે. હું એમનો સેવક છું, દાસ છું એવું અખંડ અનુસંધાન રાખવું એમ મુનિસ્વામી, વૃંદાવનસ્વામી વગેરે મુક્તો આપણને કહી ગયા છે. માટે નિશાન ચુકવું નહિ, અને મુકામ મુકવું નહિ.
- ગાદીએ બેઠા પછી રામાનંદ સ્વામી અંતરધ્યાન થયા બાદ

સોરઠમાં શ્રીજીમહારાજ વિચરણ કરતા કરતા માંગરોળ પધાર્યા. ત્યાં પહેલો મોટો જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો. પણ પાણીની તંગી હોવાથી પોતે પોતાના આશ્રીતો મારફતે વાવ ગળાવી અને તેમાંથી પાણી કાઢ્યું. આમ જાતે સેવા કરવાનો પાઠ મહારાજે શીખવ્યો.

- ભગવાનના ખરા ભક્તના ગુણ ભગવાનની હારે-હારે ગવાય છે.

''હરિનો મારગ છે સૂરાનો, નહિં કાયરનું કામ જોને''

''તન અભિમાન તજે પૂરણ સુખ પામીએ'' માટે દાસપણું રાખે તેને એ સુખ મળે.

- શ્રીજી મહારાજે લોજ, માંગરોળ, અગતરાઈ, ભાડેર, માણાવદર, પંચાળા જેતપુર વગેરે જગ્યાએ ઉત્સવ કરી તે સ્થાનોને તીર્થરૂપ બનાવ્યા. લોયામાં શાકોત્સવ કેટલાય દિવસ સુધી કર્યો. આજે એ ઉત્સવ સર્વત્ર થાય છે, જેમાં રીંગણનું શાક કરી લોયાના શાકોત્સવને યાદ કરે છે.
- સુંદરીયાણાના હેમરાજ શાહ વૈષ્ણવ હતા. તેમના પુત્ર વનાશા અને પુંજાશા સ્વામિનારાયણના આશ્રિત થયા. ગોપાળાનંદ સ્વામીએ તેમને પોતાની નાડી બંધ કરી તેમની સાથે વાતો કરતા જોઈ આશ્ચર્ય પામ્યા અને પુત્રની જેમ પોતે પણ શ્રીજીમહારાજના આશ્રિત થયા. તેથી તેમને સમાજે ઘણી ઉપાધી કરી પણ નિષ્ઠા છોડી નહિ. શ્રીજી મહારાજ પ્રસન્ન થયા અને સુંદરીયાણામાં પણ ઉત્સવ કર્યો.
- અમદાવાદમાં શ્રીજી મહારાજે ચોરાશી (બ્રાહ્મણોની ૮૪ જાતને જમાડ્યા). જેતલપુરમાં યજ્ઞ કરી વેશ્યાનો તેનું દળેલું અન્ન જમી ઉદ્ધાર કર્યો, ડભાણમાં યજ્ઞ કરી ડાકુ જોબનપગીને પોતાનો આશ્રિત કર્યો. વડતાલ, ગઢપુર, ભુજ વગેરે સ્થાનોમાં ઉત્સવો કર્યા. આમ ઉત્સવના માધ્યમથી અનેક જીવોના કલ્યાણ શ્રીજીમહારાજે કર્યા.
- ''બંધ કીધા બીજા બારણાં રે, વહેતી કીધી અક્ષરવાટ,
  પુરુષોત્તમ પ્રગટી રે...''
- આજ તારીખ ૩૧/૧૦/૨૦૨૫ સરદર વલ્લભભાઈ પટેલનો ૧૫૦મો જન્મદિન હોઈ પોતે સ્વામિનારાયણના સત્સંગી પિતા ઝવેરભાઈના રંગે રંગાયેલ. તેમના થોડા સંસ્મરણો શ્રી કલ્યાણભાઈ વેકરિયા ટ્રસ્ટીશ્રીએ સભા સમક્ષ રજુ કર્યા. અને તેમની સ્મૃતિમાં ૨ મીનીટ ધૂન થઈ.
- ત્રણેય મુક્તોની દિવ્ય અમૃતવાણીનો લાભ લઈ ધૂન કરી તૃતિય દિન પ્રથમ સત્રની પૂર્ણાહુતિ કરવામાં આવી.

**તા.૩૧/૧૦/૨૦૨૫:- તૃતિય દિન (દ્વિતિય સત્ર)**

- સંગીતજ્ઞોએ કિર્તન ધૂન કરી રહ્યા બાદ વક્તાશ્રીનું યજમાન, સહયજમાન, મહેમાનો તથા ટ્રસ્ટીશ્રીઓએ પૂજન કર્યું. ત્યારબાદ બીજા સત્રની કથા શરૂ થઈ.
- જેવી રીતે કુશળકુંવરબાઈએ શ્રીજીમહારાજની મૂર્તિના દર્શન કરી અંતરમાં ઉતારી લીધા તેમ આપણે કરીશું તો બધી ખોટ નીકળી જશે. અનેક સંતો આવી રીતે મહારાજના દર્શન કરી ધન્ય થયા છે.
- ૫૨ ચિન્હ્ અને ૬૩ તિલને સંભારી અંગોઅંગ નિરખી ભાવથી ધ્યાન કરે છે તેને મોક્ષ મળે છે અને ભવાટીના ફેરા મટી જાય છે.
- એમ મનને ભગવાનના સ્વરૂપમાં જોડી દેવું નહિંતર નવરું મન નખોદ વાળશે.
- મૂળીમાં ભગવતસ્વરૂપદાસજી સ્વામીના ગુરૂ રામસ્વામી અખંડ મૂર્તિમાં જ જોડાઈ રહેતા. તે જોઈ બાપાશ્રી બોલ્યા જે આપણે આજ કરવાનું છે, એમ રાજીપો બતાવ્યો.
- શ્રીજી મહારાજે અનેક ચરિત્રો કર્યા તે વૃત્તિ મૂર્તિમાં રાખવા માટે કર્યા છે.
- મોટા મુક્તોની સ્થિતિ મનુષ્યના જાણ્યામાં આવતી નથી. તે પર જાદવજીબાપાએ કચ્છ કલેક્ટર સીબ્બલ સાહેબના માથાના વાળ પકડી કહ્યું જે આ સ્થાનનું ધ્યાન રાખજો તમારું ધ્યાન અમે રાખશું. અને સિબ્બલ સાહેબને દિવ્યભાવ આવી ગયો.
- આપણે વસ્તુનિષ્ઠ મટી વિભૂનિષ્ઠ બનાવાનું છે. પણ અત્યારનો સમાજ વસ્તુ પાછળ દોડ્યે જાય છે અને તેનો અંત આવે એમ નથી.
- ગોંડલમાં અજા પટેલને ઘેર શ્રીજી મહારાજ રોકાયા અને ત્યાંના રાજા મહારાજને મળવા આવે છે જાણી મુંઝાણા જે આગતા સાગતા કેમ કરવી? આ જોઈ શ્રીજીમહારાજ ખીમા કુંભરને ત્યાં ગયા. રાજા ત્યાં પધાર્યા ને રાજાને એક કંતાન પાથરી આપી ત્યાં બેસાર્યા. આવી અલૌકિક લીલા શ્રીજી મહારાજ કરતા.
- બોટાદના શીવદાન ગઢવી ભાવનગર દરબારમાં ગયા અને

રાજાના ગુણો ગાવાના બદલે સહજાનંદ સ્વામીના ગુણો ગાવા લાગ્યા તેથી રાજાએ જાકારો આપ્યો તેથી શ્રીજી મહારાજ પાસે આવી હકિકત જણાવી આ સાંભળી શ્રીજી મહારાજે રોઝો ઘોડો સોનેથી સજ્જ કરી શીવદાન ને સોનેરી વસ્ત્ર અલંકારોથી સજ્જ કરી ભાવનગર દરબારમાં મોકલ્યા અને રાજાને કહ્યું જે મને શ્રીજી મહારાજે આવી રીતે બિરદાવ્યા છે તેમાં કાંઈ કમી હોય તો કહો. આ જોઈ રાજા કહે તમારા ભગવાન ખરા. પછી રાજા પણ સ્વામિનારાયણના ગુણો ગાવા લાગ્યો.

- પુરુષોત્તમ ભગવાનના દર્શન-સ્પર્શ અને તેમને જમાડવા આદિ સુખ ક્યાંથી મળે? માટે આપણે નિષ્કામભાવે પ્રેમથી ભગવાનને રાજી કરવા. એ પ્રેમ બજારમાંથી વેંચાતો નથી મળતો એ તો ભગવનને સમર્પિત થવાથી મળે.
- ત્રણેય મુક્તોની દિવ્ય અમૃતવાણીનો લાભ લઈ આરતી ધૂન કરી ત્રીજી દિવસની પારાયણની પૂર્ણાહુતિ કરવામાં આવી.

**તા.૧/૧૧/૨૦૨૫ :- ચર્તુર્થ દિન (પ્રથમ સત્ર)**

- સંગીતજ્ઞો કિર્તન-ધૂન કરી રહ્યા બાદ વક્તાશ્રીનું પૂજન અને યજમાન, સહયજમાન, મહેમાનો અને ટ્રસ્ટીશ્રીઓએ આરતી ઉતારી ત્યારબાદ કથાની શરૂઆત થતા પહેલા સભા સંચાલકે તા.૧/૧૧ અને ૨/૧૧ ના કાર્યક્રમોની જાહેરાત કરી તેની રૂપરેખા સભાને જણાવી.
- નાશવંત દેહ થકી મોક્ષરૂપી સાધન સિદ્ધ કરી લેવું. ભગવાનને પ્રાર્થના કરવી બે હાથ અને એક માથું તેમના ચરણમાં ધરી દેવું.
- આપણા મોક્ષ માટે ભગવાન કૃપા કરી મનુષ્ય દેહ ધારણ કરે છે. સજાતિ સજાતિમાં હેત થાય. ભક્તનો પોકાર સાંભળી ભગવાન પ્રગટ થાય છે, અને જીવોને સેવા-સમાગમનો લાભ મળે છે.
- વ્યવહારિક પ્રવૃત્તિ કરવી ઘટે તેટલી કરવી પણ મનથી નિર્વાસનિક રહેવું. તે પર બંધિયાના ડોસા વાણિયાની વાત કરી જે મહારાજની ચીઠ્ઠિ મળતા ચાલી નિકળ્યા દુકાનમાં કપાસની ઘડી જોખાતી હતી તે કામ પુરુ કરવા પણ ન રોકાયા.
- ભગવાનના ગુણ ગાવામાં ક્યારેય અટકવાનું નથી. ગાયા જ કરવાના છે. ગુણો અપાર છે તેમજ ચરિત્રો અપાર છે મનને તેમાં જોડી રાખવું. જે ખરો ભક્ત હોય તે તો થાકી ગયો હોય કે બિમાર હોય પણ કથા-વાર્તા સાંભળવાની થાય ત્યારે તે કશું જણાતું નથી. સાવધાન થઈ જાય છે.
- શ્રીજી મહારાજને ભાવથી અર્પણ કરેલ નાની વસ્તુ પણ મોટી માને છે. અને ભાવ વિના અર્પણ કરેલ મોટી વસ્તુ સામે પણ ભગવાન જોતા નથી. તે પર જેતલપુરમાં એક ભક્તે એક કાકડી અર્પણ કરી અને મહારાજ રાજી થયા અને ભરી સભામાં ખાધી.
- પાણી અને વાણી ગાળીને પીએ તો નુકશાન ન કરે. નહિંતર આફત આવીને ઉભી રહે.
- વર.૧માં વચનામૃતમાં શોભારામ શાસ્ત્રીને નિર્વિકલ્પ સ્થિતિની વાત ભાગવતના દ્વિતિય અધ્યાયના ૧૦માં શ્લોકથી અને આંબાના વૃક્ષથી જવાબ આપતા કહે છે કે આમ ભગવાનનો યથાર્થ નિશ્ચય તે જ નિર્વિકલ્પ સમાધિ છે.
- જેને ભગવાનનું શરણ સ્વીકાર્યુ તેનું યોગ ક્ષેમ ભગવાન પોતે વહન કરે છે.
- બ્રહ્માનંદ સ્વામી બીમાર હતા અને એક પોઠીયા ઉપર બેસી બીજે ગામ ગયા તો તે પોઠીયાનું કલ્યાણ કર્યુ. તે પોઠીયાં બીજા જન્મે કચ્છ રામપરમાં જન્મ ધર્યો અને અચ્યુતદાસજી સ્વામીના દર્શને આવ્યો ત્યારે સ્વામી કહે આવો બ્રહ્માનંદ સ્વામીના પોઠીયા. એમ મુક્ત દ્વારા જીવોના કલ્યાણ કર્યા.
- ભક્ત ભુખણ ભાવસારને ઈન્દ્રિયો વિનાનું રૂંઢ-મુંઢ બાળક જન્મે છે તેને શ્રીજીમહારાજ પોતાના પ્રતાપે ઈન્દ્રિયો આપે છે અને ભક્તનું કષ્ટ કાપે છે.
- માથા વિનાના જંગલમાં મળેલ ખવીશને સત્સંગમાં જન્મ આપ્યો તે ''રતો બસીયો'' તેની સાથે મહારાજ મિત્ર ભાવે વર્તે છે.
- માનસીપૂજામાં બાપાશ્રીએ શ્રીજીમહારાજને ધરાવેલ પાણી એક હરિજન પીવે છે ને તેને અંતકાળે બાપાશ્રી મહારાજને લાવી ધામમાં લઈ જાય છે. ત્યારે તે પોતાના બે દીકરાઓને બાપાશ્રીને ચામડાની રાસ બનાવી અર્પણ કરવા જણાવે છે. બાપાશ્રી તેમનો પણ મોક્ષ કરે છે.
- જાદવજીબાપા અને મામા કેવા દાસભાવે રહેતા! તેમ

આપણે પણ રહેવું.

- ત્રણેય મુક્તોની દિવ્ય અમૃતવાણીનો લાભ લઈ ચોથા દિવસના પ્રથમ સત્રની ધૂન કરી પૂર્ણાહુતિ કરી.

## તા.૧/૧૧/૨૦૨૫ :- ચતુર્થ દિન (દ્વિતિય સત્ર)

- સંગીતજ્ઞો કિર્તન ધૂન કરી રહ્યા બાદ વક્તાશ્રીનું પૂજન યજમાનશ્રીઓ, સહયજમાનશ્રીઓ, મહેમાનશ્રીઓ તથા ટ્રસ્ટીશ્રીઓએ કર્યુ અને ત્યારબાદ કથાની શરૂઆત થઈ.
- મહારાજની સભામાં બેઠા છીએ અને આ સર્વે અનાદિમુક્તો છે એવું ભાસે ત્યારે સમજવું કે આપણને દિવ્યભાવ થયો છે.
- આ મૂર્તિ પ્રગટ ભગવાન છે એ ભાવ દેખાડવાનો છે. તે વાત સાસુ-વહુના દૃષ્ટાંતથી વહુને મૂર્તિમાં પ્રગટ ભાવ અને સાસુને પથ્થરપણાનો ભાવ એ વાત કરી.
- ભાવ વિનાનું ભજન, મીઠા વિનાના ભોજન સમાન છે. ''નારાયણ નામ હૈ ભારી, લીયો સબ પ્રેમ સે ધારી...''
- જે અખંડ નામ સ્મરણ કરે છે તેને ધન્યવાદ છે. જ્યારે ભક્તોને વિપત્તિ આવે છે ત્યારે અખંડ સ્મરણ આપો આપ થાય છે. ભગવાન તેની સહાય કરે છે. તે પર જસદણના નાજા જોગીયાની વહારે શ્રીજીમહારાજ રાતો રાત પહોંચી આવે છે તે વાત કરી. ''હમ તો એક સહજાનંદ સહજાનંદ ગાવે...'' એમ રઢ લગાડી દેવી.
- કલા ભકતનું ખેતર ઈર્ષ્યાવૃત્તિથી પડાવી લીધું અને પછી ન્યાય આપવાનો થયો ત્યારે ધગધગતો લોખંડનો ગોળો ઉપાડવાનું કહ્યું ત્યારે તે ગોળા ઉપર કીડી ચાલતી મહારાજે તેમને દેખાડી અને તેમને ગોળો ઉપાડી લીધો ને કાંઈ ન થયું. પરપીડા આપવી પાપ છે. પર ઉપકાર પુણ્ય છે.
- આજ પણ આ સ્થાને આવી ભગવાનની પ્રાર્થના કરે છે તેની ભગવાન રક્ષા કર્યાના અનેક દાખલા છે.
- જેમ વડતાલના રામનવમી ઉત્સવમાં વણનોતર્યે પધારવાનું આમંત્રણ છે તેમ બાપાશ્રીના આ પ્રાગટ્યોત્સવમાં વણનોતર્યે પધારવાનું આમંત્રણ છે.
- જ્યારે આવા ઉત્સવ થાય ત્યારે વ્યવહારને એક બાજુ રાખીને આવવું બાકી વ્યવહાર કોઈનો ખુટ્યો નથી અને ખુટશે નહિં. તે પર કારીયાણીના માંચા ખાચર કપાસ ભેણાવી અને આખા ગામના સવજી મહેતા બાજરો પડતો મૂકી મહારાજના ઉત્સવમાં ગયા અને મહારાજે તેમની ખેતીની રક્ષા કરી એ વાત વિસ્તારપૂર્વક કરી.
- ત્રણેય મુક્તોની દિવ્યઅમૃતવાણીનો લાભ લઈ અંતમાં ધૂન-આરતી કરી ચોથા દિવસની કથાની પૂર્ણાહુતિ થઈ.

## ઠાકરથાડી (રાસોત્સવ ):-

- ઠાકરથાડી એ કચ્છનો ઘણો જુનો ઉત્સવ છે. શ્રીજી મહારાજ પધાર્યા તે પહેલા ઠાકર (કૃષ્ણ ભગવાન)ની મૂર્તિને થાળ ધરી અડખે પડખે સહુ પોતાને જેવા આવડે એવા કિર્તનો ગાઈ રાસ લેતા. જે યદ્યપિ સ્વામિનારાયણ ભગવાન મળ્યા પછી પણ તેના નવા સ્વરૂપે સત્સંગમાં ખૂબ પ્રસિદ્ધ થયો છે. આ ઉત્સવમાં રાત્રે ૮:૩૦થી ભગવાનને પ્રસન્ન કરવા ઉમંગમાં આવી સહજાનંદ મંડપમ્ સહુ હરિભક્તો બે કલાક સુધી રાસ રમ્યા. વડીલોએ બેસી દર્શન કર્યા. અંતમાં આરતી ઉતારી પ્રસાદ ગ્રહણ કરી બીજા દિવસે બાપાશ્રી પ્રાગટ્યના કાર્યક્રમોની સ્મૃતિ કરી યોગનિદ્રા ધારણ કરવા પોત પોતાના સ્થાને ગયા.

ઠાકરથાડીનો રાસ લેવા સભામંડપમાં ગોઠવેલ સોફા/ખુરશી વગેરે ખસેડી અને પાછી ગોઠવી દેવી પડે. સ્વયં સેવકોની આ સેવા તેમજ, રસોડું, ફુલહાર, સફાઈ, સાઉન્ડ સીસ્ટમ, ઈન્ટરનેટ દ્વારા લાઈવ પ્રસારણ ભોજનપ્રસાદ પીરસવો વગેરે અનેકવિધ સેવાઓ કરતા સ્વયંસેવકોને ધન્યવાદ.

## તા.૨/૧૧/૨૦૨૫:- પાંચમો દિવસ (પ્રથમ સત્ર)

<u>અભિષેક</u> :- સવારની શણગાર આરતી થઈ રહ્યા બાદ અભિષેકની તૈયારી થવા લાગી. હરિકૃષ્ણ મહારાજની પંચધાતુની મૂર્તિનો અભિષેક વિધિપૂર્વક કેસર-સુગંધી અત્તર, ચંદન વગેરે તેમજ પંચામૃતથી યજમાનશ્રી, સહયજમાનશ્રી, મહેમાનો તથા ટ્રસ્ટીશ્રીઓ દ્વારા કરવામાં આવ્યો. અભિષેકના દર્શન કરવા એ બહુ મોટું ભાગ્ય છે. અભિષેકના પવિત્ર જળનું વિતરણ પણ કરવામાં આવ્યું. અંતમાં અભિષેકની આરતી કરી સહુ ભક્તો કાળી-તલાવડીના કિનારે મહાપૂજા કરવા પધાર્યા.

## શિક્ષાપત્રી દ્વિશતાબ્દી એવમ્ બાપાશ્રી પ્રાગટ્ય ઉપલક્ષ્યે મહાપૂજાઃ-

દર વર્ષે પ્રબોધીની એકાદશી જે બાપાશ્રી પ્રાગટ્ય દિન છે તે નિમિતે બાપાશ્રીના માતૃશ્રીને પુત્રપણાનું વરદાન

આપેલ એવી કાલી તલાવડીના તટ પર મહાપૂજાનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે શ્રીજીમહારાજે શિક્ષાપત્રી લખ્યાને ૨૦૦ વર્ષ પૂર્ણ થતા હોઈ મહાપૂજાની સાથે સાથે શિક્ષાપત્રીનું પૂજન પણ કરવામાં આવ્યું. આ સમગ્ર પવિત્ર વિધિ સ.ગુ. શા. શ્રી શ્રીજીપ્રકાશદાસજી સ્વામી (ગુરૂ સ.ગુ.શા. શ્રી હરિસ્વરૂપદાસજી સ્વામી) દ્વારા કરાવવામાં આવ્યો. એક કલાક સુધી સહુભક્તોએ મહારાજ અને મુક્તોનું આગમન, સ્થાપન, પંચામૃત, પ્રાર્થના, અને આરતી કરવા રૂપ મહાપૂજાનો લાભ લઈ નાસ્તો કરી કથા મંડપમાં પધાર્યા.

**કથા પ્રસંગ**

- આજનો એકાદશીનો દિવસ અદ્ભૂત છે. આપણા સૌના માટે પ્રગટ થવાનો દિવસ બાપાશ્રીએ નક્કી કર્યો.
- સૌ એકઠા થાય ભજન ભક્તિ કરે અને એનો આનંદ આપણે જોઈએ છીએ.
- (૧) નિયમથી ભક્તિ થાય (૨) નિમિત હોય તો ભજન ભક્તિ થાય.
- કથાનો ક્રમ કદાચ થાય તોય ઠીક અને ન ક્રમવાર થાય તો ઠીક
- આ કથા તો સાકર જેવી છે જ્યારે જ્યાંથી કરીએ આપણને ગળી જ લાગે.
- ભગવાનની અમૃતસમી આ કથા છે અને નિષ્કુળાનંદસ્વામીના રોમેરોમમાં પ્રગટી રહ્યો છે.
- જે કોઈ આ કથા સાંભળશે તો તે અંગે અંગમાં વ્યાપી જાય એવી છે.
- આપણા માટે શિક્ષાપત્રી ભગવાને લખી તે આપણા સુખ માટે છે.
- તમે આ વચનને સાધ્ય કરો, બરાબર પાળો અને એ પાળશો તો સુખી થશો અને નહી પાળો તો તમે અમારા સંપ્રદાય થકી બાહેર છે.
- ''સત્સંગી તો તેને રે કહીએ જે શિક્ષાપક્ષી પાળે રે...''
- ભગવાને આપણ ભક્તો ઉપર કેટલું બધું હેત છે તેથી આ શિક્ષાપત્રી લખી અને પાળવાની આજ્ઞા કરી છે.
- એક જ લાભ નથી અહીં અનેક લાભ થઈ રહ્યા છે.
- પુરૂષોત્તમ નારાયણની આ દિવ્ય કથા છે.
- વ્યાસ ભગવાને વેદના ૪ ભાગ કર્યા, ૧૭ પુરાણ કર્યા તોય શાંતિ ન થઈ અંતવૃત્તિ કરીને જોયું ત્યારે નારદજી આવે છે અને વ્યાસજીને કહે છે મને શાંતિ નથી થતી તેનું કારણ શું છે.?
- નારદજી કહે છે તમે અત્યારે કર્યુ તે કામ તીર્થ જેવું છે તેમાં ભગવાનના ચરિત્રો, સ્વરૂપનું વર્ણન નથી.

  ''ચરણે ચિંતવન હરીનું જે કાવ્યમાં ન હોય
  જેને વિવેકી નર એમ વહે તે કાગ તીર્થ હોય..
- ૨૨ મૂર્તિ મહારાજે ખરીદ કરી હતી મહારાજે પોતે પાસ કરી હતી અને તે ૯ મંદિરોમાં પૂજવા માટે રાખી છે.
- સર્વ પ્રથમ અમદાવાદ મંદિર મહારાજે કર્યુ છે માટે મહામંદિરો કર્યા તેમાં પત્થર ધ્રાંગધ્રાથી અને ઈડરથી આવતા હતા. ઈડરમાં અ.મુ.શ્રી ગુરૂચરણરતાનંદ સ્વામી ઈડર જઈને રાજને દીક્ષા આપી. અને મહારાજનો મહિમા કહી જમપુરીની બીક બતાવી અને ઈડરના રાજાએ પત્થર પર વેરો ન લીધો.
- ઉપાસના પ્રર્વતાવવા માટે મહારાજે મંદિરો કર્યા.
- ધ્રાંગધ્રાથી મોટો પત્થર લાવવા માટે મોટા અંકેવાળીયાના પટેલ હરિભક્ત એક બળદની જગ્યાએ પોતે ગાડામાં જોડાય છે. તે પ્રસાદિનો પત્થર આજે મઢેલો અમદાવાદના મંદિરમાં હાલ પણ છે.
- મહારાજે નરનારાયણની સ્થાપના કરી અને કહ્યું કે આ જે સ્વરૂપ છે તે અમારું સ્વરૂપ છે. માટે તેની સેવાપૂજા કરજો.
- સ્વરૂપી એક છે તેમાંથી અનેક સ્વરૂપ પ્રગટ થાય છે અને પાછા એ સ્વરૂપીમાં સમાય જાય છે.
- હરિકૃષ્ણ મહારાજ, નરનારાયણ, રાધાકૃષ્ણ વગેરે પોતાના સ્વરૂપો મંદિરોમાં પધરાવ્યા છે.
- મહારાજ અમદાવાદમાં બ્રાહ્મણોની ચોરાસી કરે છે અને એક રાતમાં બધી સિદ્ધીઓ આવે છે. પણ મહારાજ સ્વીકારતા નથી તમને પછી બોલાવશું એક બ્રાહ્મણ નિષ્કુળાનંદ સ્વામીને બટકું ભરે છે કારણ કે તે ઘીનું આખું ગાડું પોતાના ઘરે લઈ જતો હતો. મહારાજ કહે ખાવું હોય એટલું બધું ખાજો પણ અમારા સંતોને બટકા ભરીને નહી ખાતા એમ અનેક વિઘ્નો ઓળંગીને મંદિર કર્યું છે.
- મૂળીના મંદિરમાં ૧૦૦ વર્ષનો પાટોત્સવ બાપશ્રી કરે છે.

બાપાશ્રીની વાતો ભાગ ૧ ની ૨૧૩મી વાતમાં ૧૦૦ના પાટોત્સવની વાત લખી છે.

- વડતાલ મંદિરમાં ૯ લાખ ઈંટો લખેલ છે પણ બ્રહ્મસહિતામાં ૨૧ લાખ ઈંટો છે તેમ લખ્યું એવું મોટું મંદિર બ્રહ્માનંદ સ્વામીએ કરેલ છે.

''અપની પહોંચ વીચાર કે....

....સાહેબ સરીખા શેઠીયા બસે નગર કે માંહી...

- આજે વડતાલમાં મહોત્સવ થઈ રહ્યો છે અને અહીં આપણે પણ આનંદ લઈ રહ્યા છીએ.
- શ્રીજી મહારાજે ૯ મંદિર કરાવ્યા છે. અમદાવાદ, મૂળી, ભુજ, વડતાલ, જેતલપુર, ધોલેરા, ધોળકા, જુનાગઢ, ગઢડા એમ નવ જગ્યાએ મોટા મંદિર બનાવ્યા છે.
- તે જમાનામાં કોઈ સગવડ સુવિધા નહીં અને આવડા મોટા મંદિરો ભગવાને બનાવ્યા છે.
- ૧૭ વખત જરાસંગ સાથે કૃષ્ણ હારી ગયા અને ૧૮મી વખત જ્યારે કાળયૌવનને લઈને આવ્યા ત્યારે એક રાતમાં દ્વારકા બનાવી અને પોતે કાળયૌવન માટે મથુરામાં રહ્યા પછી દ્વારકા આવ્યા ત્યાંથી લોકો ને સંકલ્પથી ઉપાડી સીધા દ્વારકામાં બેસાડી દીધા છે.
- એક મુસલમાને ૭ શેરનો પત્થર ગઢપુર મંદિરના પાયામાં નાખ્યો ત્યારે ભગવાને તેમની ૭ પેઢીના લોકોનું કલ્યાણ કર્યું છે.

**તા.૨/૧૧/૨૦૨૫ :- પંચમ દિન દ્વિતિય સત્ર (અંતિમસત્ર)**

**કથાપ્રસંગ :-**

- ભગવાનનો મહિમા અપરંપાર છે કેટલું કહીએ? જીવના કલ્યાણ માટે તમામ ઉપાયો કરે છે.
- અત્યારે બધા ભાગ્યશાળી છે કેમકે જે કરવું હોય તે થાય, પહેલા ભજન ભક્તિ કરવી અતિ કઠીન હતી છતાં પણ ભગવાન જે રીતે રાજી થાય તેમ પોતાનું જીવન બનાવ્યું છે અને મહારાજને રાજી કર્યા છે.
- અમારા યોગમાં, દ્રષ્ટીમાં, સ્પર્શમાં જે કોઈ રીતે ભગવાનના સંપર્કમાં આવ્યા તે બધાનું કલ્યાણ કર્યું.
- વસંત પટેલ અતિ ક્રોધી માણસ હતા માટે મરી ગયા પછી મોટા સર્પ થયા અને પોતાની વાડીમાં રહે અને એક જ ડંસમાં માણસને મારી નાખે એવા પાપી થયા. ત્યાં મહારાજ કુવો જોઈ તે ખેતરમાં આવે છે ત્યાં પેલા વસંતભાઈ પટેલ સર્પરૂપ હતા તે આવ્યા અને ભગવાનને જોતા અતિ સ્થિર થઈ ગયા.

''રસિયોજી રાજ આંગણીયે બેઠા

કોમળ દાતણ કરવાને......

મહારાજે પાણીનો કોગળો કરી એ નાગ ઉપર છાંટ્યું અને તેને વાચા આપી અને કોઈને કરડીશ નહીં. તેમ વચન આપી મહારાજે સાપ થયેલાનું આત્યંતિક કલ્યાણ કર્યું.

- કોઈ સત્પુરૂષ મળવા અતિ દુર્લભ છે અને પછી તેની અનુવૃતિમાં રહેવું તે ઘણું કઠણ છે.
- આ ભૂમિ ધન્ય છે ઉત્તમ છે.
- ભગવાનના ભક્તને સાકાર મૂર્તિની ઉપાસના છે.
- આ કાળી તલાવડી અહીં સવારે કેવી દિવ્ય મહાપૂજા થઈ? આપણા અ.મુ.શ્રી છગનભાઈ ગોગજીભાઈ પટેલ તેમણે મામાના કહેવાથી નિઃસ્વાર્થ ભાવે ખૂબ સેવા કરી છે.
- જે કોઈ મંદિરના તથા તેમાં પધરાવેલા દેવોના દર્શન કરશે એ સર્વેનું આત્યંતિક કલ્યાણ થશે.
- બાપાશ્રી કહે છે આ વચનામૃત ટીકાની જે કોઈ પાંચ વખત પારાયણ કરશે તો તેનું આત્યાંતિક કલ્યાણ થશે.
- બે પડવાળી રોટલીની જેમ દેહમાંથી પ્રાણ છુટી જાય છે કારણકે તે ભગવાનનો ભક્ત છે તેને મહારાજ પોતાના ધામમાં લઈ જાય છે.
- જેતપુરના સુંદરજી સોની જામનગર ખરીદી કરી પછી સાંજ પડી ગઈ ત્યારે ઓળખીતા ઘરે રોકાય છે. સવારે ઉંડ નદીની કિનારે આવે છે અને આજુબાજુ જંગલ જેવું લાગે છે ત્યાં તો એક ઘોડે સવાર આવ્યો અને તેનું બધુ વસ્તુ લઈ લે છે અને પછી તેને મારી નાખવાની વાત કરે છે. ત્યારે પોતે પુજા કરવા બેસે છે અને ભગવાનને પ્રાર્થના કરે છે. ત્યાં તો એક સિંહ આવે છે અને ઘોડે સવારને મારે છે અને સિંહમાંથી સહજાનંદ પ્રગટ થઈને સુંદરજી સોનીની રક્ષા કરી અને વાત કરી છે હવે એકલા નહીં ચાલતા એમ સમજાવે છે.
- મોક્ષભાગી જીવાત્મા માટે એવા સાધનો આપ્યા, સંતોના સંગે સાંખ્યયોગી બહેનોના સંગ ઈત્યાદિક રીતે અનેકના કલ્યાણ કર્યા.

- પછી મહારાજે બે ગાદી કરી અને દત્તકપુત્રને તેના ઉપર સ્થાપન કર્યાં. (૧) ઉતર વિભાગ તથા (૨) દક્ષિણ વિભાગ કરી અને અયોધ્યાપ્રસાદજી મહારાજ તથા રઘુવીરજી મહારાજને ગાદી આપી. વહીવટ માટે બે દેશ કર્યા. પણ ઉપાસના તો એક જ રાખી છે.
- પ્રકારણ ૩૯માં ધર્મવંશીના કામની વાત કરી, શું કરવાનું તે બધું લખ્યું છે.
- અયોધ્યા પ્રસાદજી મહારાજને ખેસમાં વીંછી વારંવાર ડંસ મારે પણ પોતે પૂજામાંથી ઉઠ્યા નહી. આવી આત્મનિષ્ઠા હતી.
- ગામડી ગામમાં આચાર્ય મહારાજ દુધપાકમાં ભૂલથી સાકરને બદલે મીઠું હતું તે બે ત્રણ વાટકા પેલા ભક્તના આગ્રહને વશ થઈ તે જમી ગયા. આવા હતા તે આચાર્ય
- મહારાજ કહે છે અમને ધર્મ બહુ ગમે છે માટે ધર્મવાળા સાથે અમને સુવાણ થાય છે.
- જેમ આચાર્યમાં હું રહું છું તેમ ભગવાન કહે છે કે હું સંતમાં રહું છું. ‘‘નારદ મેરે સંત સે અધિક ન કોઈ....’’
- સંત આધારરૂપ છે એટલે આશ્રય કરવા જેવા છે એવા સંતે એક મીનિટમાં કલ્યાણ થાય.
- સાચા સંત આપણને મળ્યા છે અને સાચા જ્ઞાનના વારસદાર બનાવ્યા.

  ‘‘સદ્‌ગુરૂ સાચા રે સેવો શુદ્ધ ભાવશું રે....’’
- આપણે મોહ મમતા પ્રમાદ ટાળો એમ સંતો કહે છે પણ અભિમાન બહુ નડે છે.
- લોયાના માનબાઈ તેના પતિ સંધા પટેલ. માનબાઈ સત્સંગી હતા અને તેના પતિ સ્વામિનારાયણના સખત વિરોધી. માનબાઈ રોટલો બનાવ્યો અને ફુલીને દડો થયો અને મહારાજને એવો રોટલો જમાડવાની ઈચ્છા થઈ અને મહારાજ પ્રગટ થાય છે અને પેલો ફુલેલો રોટલો બનાવ્યો તેની વાત મહારાજ કરે છે. માનબાઈને શાંતા બા (સુરાખાચરના પત્ની) થકી સત્સંગ થયો હતો.
- ભગવાનને એક જ વાત છે કે આ પૃથ્વીના બધા જ જીવોને અક્ષરધામમાં લઈ જવા છે.
- ભગવાન કહે અમને દેહભાવ નથી ગમતો અને બ્રહ્મભાવમાં આવે છે તે ગમે છે. ભક્તિ ભાવમાં રસ છે. ભગવાન કહે છે કે ભક્તિમાં ભળીને અમને યાદ કરશે તેના ભેળા અમે રહેશું,
- આપણે નિયમથી રોજ વચનામૃત તથા બાપાશ્રીની વાતો વાંચીએ.
- માણસ કાંઈ કરે નહીં અને બાપાને કહે કે કૃપા કરો કેવી રીતે થાય?
- બાપા કહે અહીં આપણે કમાવા માટે આવ્યા છીએ માટે કમાઈ લેવું.
- રામચંદ્રના ઉપાસકને રામાયણથી પુષ્ટી થાય ભાગવતથી કૃષ્ણની પુષ્ટી થાય એમ આપણે આપણા સંપ્રદાયના શાસ્ત્ર સ્વામિનારાયણ ભગવાનના સંપ્રદાયની પૃષ્ટિ ભગવાનના લીલા ચરિત્રના શાસ્ત્રોથી થાય છે.
- મહારાજ કહે છેકે અમારી શિક્ષાપત્રી પ્રમાણે રહેજો.
- ધર્મે સહિત ભગવાનની ભક્તિ કરવી.
- ૪૯ થી ૬૫ સુધીના શ્લોક છે તેમાં ગૃહસ્થોના ધર્મ છે તે ખાસ પાળવાના છે.
- આ સ્વામિનારાયણ ભગવાને સાધન વિના અલૌકિક રીત ચલાવી છે.
- આપણે નિર્ગુણ મૂર્તિના દર્શન સ્પર્શ ધારણ કરેલ વગેરેનો માહાત્મ્ય સમજવો, અહીં બાપાશ્રીની પ્રસાદિની વસ્તુઓ છે તેનો મહિમા સમજવો. આ વસ્તુઓ કલ્યાણકારી છે.
- ‘‘કળશ ચઢાવ્યો કલ્યાણનો રે...
- ‘‘નિષ્કુળાનંદ જાય વારણે રે, સે’જે મળ્યા સહજાનંદ.. પુરૂષોત્તમ પ્રગટી રે..
- ત્રણેય મુક્તોના આશીર્વાદ લઈ યજમાન, સહયજમાન, આમંત્રિત મહેમાનો, શ્રેષ્ઠી વર્યોનું સંસ્થાવતી મંચ પર પાઘ બાંધી સન્માન કરવામાં આવ્યું. અંતમાં પારાયણના મુખ્ય યજમાન શ્રી કાનજીભાઈ રૂપાણીના સુપુત્ર શ્રી હિરેનભાઈએ આભારવિધિ કર્યો.
- અંતમાં ધૂન કરી સમાપન આરતી કરવામાં આવી અને ભોજનપ્રસાદ ગ્રહણ કરી સહુ રાત્રે ધામધૂમથી બાપાશ્રી પ્રાગટ્ય ઓચ્છવ અને આરતી કરી વિદાય થયા. આમ પ્રાગટ્યોત્સવ પ્રસંગ દિવ્યતાથી ઉજવાયો.

**પ્રવચનમાળા**

**(૧) સદ્ શાસ્ત્રી શ્રી શ્રીજીપ્રકાશદાસજી સ્વામી :-**

- બાપાશ્રીની આ દિવ્ય પ્રાગટ્ય ભૂમિમાં ''પુરુષોત્તમ પ્રકાશ''ની કથા સદ્ શા.શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામી આપણને સંભળાવી રહ્યા છે. તેમાં સંત-હરિભક્તોના ચરિત્ર આવરી લે છે.
- કારીયાણીમાં જ્યારે શ્રીજીમહારાજ અને ગોપાળાનંદ સ્વામી વાત કરતા હતા તે સાંભળી બોલ્યા જે આજે આ વાત સમજાણી. પૂર્વે રામાનંદ સ્વામીએ કહેલ પણ આજે આ વાત સમજાણી પછી તેમને પુરુષોત્તમ પ્રકાશ ગ્રંથ રચ્યો જેમાં જેમ છે તેમ શ્રીજીમહારાજનો મહિમા લખ્યો.
- કોઈ પણ પ્રકારનું માન ન રાખવું ''સાધન સર્વે માન બગાડે..'' તે પર જુનાગઢના હરખાભાઈની વાત કરી જે તેમને ગુણાતિતાનંદ સ્વામીએ ગારાવાળા પગ ધોઈ મંદિરમાં આવવા કહ્યું એટલામાં ખોટું લાગી ગયું. પછી સ્વામીએ પોતાની ભૂલ કહી તો પણ નમ્યા નહિ, એવા જીવના અવડા સ્વભાવ છે.
- મહારાજ અને તેમના મુક્તોએ કલ્યાણ સોંઘુ કરી દીધું. બાપાશ્રીએ આ સ્થાનનાં દર્શન કરનારનું કલ્યાણ કરવાનો કોલ આપ્યો છે. અહીં ત્રણ સમૈયા વર્ષમાં ઉજવાય છે તેમાં સહુ હરિભક્તોએ અવશ્ય આવવું.

**(૨) અ.મુ.શ્રી કિશોરભાઈ દવે :-**

- હું એક દિવસ મામાને મળવા ગયેલ ત્યારે બાબુલાલભાઈ આવ્યા અને મામાને પૂછ્યું કે શું કરવું છે, ત્યારે મામા કહે એક હરિભક્તની ખબર પૂછવા જવું છે.
- પછી અમે મામા સાથે એ હરિભક્ત પ્રતાપભાઈના ઘરે ગયા ત્યારે તેઓ રૂપિયા ગણતા હતા તે જોઈ બાબુલાલભાઈ બોલ્યા જે મરવા ટાણું આવ્યું તોય પૈસા છૂટતા નથી. આ સાંભળી મામા બોલ્યા જે ખબર ન હોય તો બોલવું નહિં.
- પછી પ્રતાપભાઈ મામાને કહે જે મને ક્યારે ધામમાં લઈ જવા છે? પછી થોડીવાર સામ સામે હા-ના કરતા રવિવારે ધામમાં લઈ જવાનું મામાએ કહ્યું. હું તો પછી મુંબઈ ચાલ્યો ગયો. પછી સોમવારે મામાને મળવા ગયો ત્યારે મામાને પૂછ્યું તો મામા કહે એ તો રવિવાર નક્કી કરેલ તે પ્રમાણે પ્રતાપભાઈને ધામમાં લઈ ગયા.
- બાપાશ્રી પોતે એ પ્રતાપભાઈ નાના બાળક હતા ત્યારે પોતાના ખંભે બેસાડી આ મારો પ્રતાપ-આ મારો પ્રતાપ એમ કહ્યું હતું. એમ મામાએ મને (કિશોરભાઈ દવેને) વાત કરી.

**(૩) અ.મુ.શ્રી રમેશભાઈ સોની :-**

- શ્રીજી મહારાજે જે અવરભાવમાં વાત કરી છે તેનો પરભાવ સમજવાનો છે. જો એ ન સમજાય તો બરાબર ન કહેવાય. તે પર શિક્ષાપત્રીના શ્લોક ૧ ની વાત કરી.
- શિક્ષાપત્રી શ્લોક ૧૧૬માં બ્રહ્મરૂપ થવાની વાત કરી છે તે ધ્યાન દ્વારા પ્રાપ્ત થાય છે. પછી તેને કોઈ આવરણ નથી રહેતું. તે પર અમેરિકાના એક ચિત્રકારની વાત કરી કહ્યું કે તે જ્યારે પોતાના કામમાં તલ્લીન થઈ જાય પછી એને સર્વત્ર દેખાતું અને એ કહે તો એ પ્રમાણે પાછળથી સાબિત પણ થયેલ.
- ધ્યાન કરો, ધ્યાન કરો એમ બાપાશ્રી કહે છે.
- આપણે પ્રતિલોમ ધ્યાન દ્વારા આપણી ચેતનાને ભગવાન સાથે એક કરીયે તો કાંઈ અધુરુ નથી.

**(૪) અ.મુ.શ્રી રવજીભાઈ વરસાણી :-**

- શાસ્ત્રી સ્વામીશ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામી કથા દ્વારા પંચામૃત પીરસે છે.
- શાસ્ત્રોના દાખલા અને ચરિત્રોની વાત કરી આપણને શાંતિ પમાડે છે.
- આ લોકનું પંચામૃત (સાકર, મધ, દુધ, દહિં અને ઘી) પણ આપણને નિરોગી રાખે છે તો કથા-વાર્તા રૂપી પંચામૃત આપણા અંતરના મેલ ધોવે છે. માટે આ કથા-વાર્તાનો લાભ લઈ લેવો.
- યજમાન/સહયજમાન પદનો લાભ લીધો તેમને ધન્યવાદ

છે.

### (૫) અ.મુ.શ્રી જીતુભાઈ વ્યાસ :-

- શ્રીજીમહારાજનું બાળપણ અનેક ચમત્કારોથી ભરેલ હતું. પછી વનવિચરણ કર્યું તો કોઈથી ન થઈ શકે એવું તપ કર્યું. અને સત્સંગ સ્થાપી સમાધિ પ્રકરણ પણ એવું ચલાવ્યું જે સૌ જોતા રહી ગયા. સમાધિમાં લોકોને પોતાના ઈષ્ટદેવરૂપે દર્શન આપ્યા અને એ સ્વરૂપને પોતાનામાં લીન કર્યા.
- નિરાકાર ચૈતન્યને દિવ્ય સાકાર કરી પોતા જેવું દિવ્યરૂપ આપવાની વાત સમજાવી. આવી રીતે આત્મા-પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન આપી એવી સ્થિતિ કરાવી.
- શ્રીજીમહારાજે દુધપીતી, સતિપ્રથા, વહેમો જેવા કુરિવાજો દુર કરયા. તેમજ અંતઃશત્રુ જે કામ, ક્રોધ, લોભ, માન, ઈત્યાદિ દૂર કરી સાચા સંતો બનાવ્યા. એવા કેટલાય સંતો હતા જેના નામો પણ નથી લખાયા.
- ગોપાળાનંદ સ્વામી જેવા સંતો દ્વારા પણ ઐશ્વર્યો જણાવ્યા. સચ્ચિદાનંદ સ્વામીના અને ગોપાળાનંદ સ્વામીના સંકલ્પની મૂર્તિ ફરે એ વિચાર તો કરો!
- પોતાની વિદ્વતાનું અભિમાન છોડી શ્રીજીમહારાજના કાર્યનો વિચાર કરે તો ભગવાન તેના પર કૃપા કરે અને પોતાના મુક્તો દ્વારા પણ કૃપા કરી સાચી સમજણ આપે.
- આપણું એ ભાગ્ય છે કે બાપાશ્રીના પ્રતાપે આપણને અનાદિમુક્તની સ્થિતિની ખબર છે. ગોપાળાનંદ સ્વામી, ગુણાતિતાનંદ સ્વામી વગેરે આ વાત કરતા પણ લોકો સમજી ન શકતા. ત્યારપછી બાપાશ્રી દ્વારા શ્રીજીમહારાજે આ અનાદિમુક્તની સ્થિતિની વાત અપાર દયા કરી સમજાવી તે વક્તાશ્રી સમજાવે છે.

### (૬) અ.મુ.શ્રી પુરુષોત્તમભાઈ પટેલ

- બાપાશ્રીએ પરભાવની સ્થિતિની જે વાત કરી છે તેનું નિષ્કુળાનંદ સ્વામીએ પુરુષોત્તમ પ્રકાશમાં વર્ણન કર્યુ છે.
- આ ગ્રંથ જે વાંચે તેને ભગવાનનો નિશ્ચય થઈ જાય છે.
- આ તો અમૃતના સિંધુ ઉલટ્યા છે. શ્રીજી મહારાજે કૃપા કરી પોતાની મૂર્તિમાં રાખ્યા છે. આ વાતની દૃઢતા કરવી.
- સ્વામિનારાયણ નામનો રે સિક્કો બેસાર્યો છે આપ.. તેમ સંપ્રદાયમાં જુદી સમજણ જુદા મંડળો છે પણ તિલક, ચાંદલો, કંઠી અને સ્વામિનારાયણ મંત્ર બધાયમાં એક છે, એ સિક્કો છે. બધાયને નિર્ભય કરી જીતનો ડંકો વગાડ્યો છે.
- જેમને ભગવાનનો નિશ્ચય છે તેમને તો ''ધામી જે અક્ષરધામના રે આપ્યો છે જે આનંદ...'' એમ વર્તે છે.
- આપણા ખોટના ખાતા વાળી નાખ્યા છે. આ તો જઈનો વેપાર ને લાખનો લાભ એવું છે. એમ બાપાશ્રી કહે છે.
- સૂર્ય ઉગે એટલે અંધકાર નાશ પામે. તેમ ''તમ ટાળ્યું ત્રિલોકનું રે પ્રકાશી પૂરણ બ્રહ્મ..'' એમ સહજાનંદ સમ સૂર્ય ઉદય થઈ માયારૂપી અંધકારનો નાશ કરી જીવોના કલ્યાણ કર્યા.

### અ.મુ.શ્રી મેઘજીભાઈ ખેતાણી (પટેલ ટ્રાવેલ્સવાળા)

- માણસે માણસની જેમ જીવવું જોઈએ તો જીવનની સાર્થકતા છે.
- અહિં વિદ્યાર્થીઓને સંસ્કાર સાથે શિક્ષણ મળે છે.
- આપણે વાંસડીની જેમ પોતાનું કાંઈ નહી રાખીયે તો ભગવાનના હોઠે સ્થાન મળશે અને પોતાપણું રાખીશું તો ઢોલની જેમ પીટાશું.
- બાપાશ્રી અહિં એવું જીવન જીવ્યા જે અમારા પટેલો માટે ગર્વની વાત છે.
- ભગવાન સ્વામિનારાયણની અવિરત કૃપા વરસી જ રહી છે, બસ આપણે આપણી તપેલી ઉંઘી નહી રાખીયે તો તે કૃપાથી ભરાઈ જશે.

### (૮) અ.મુ.શ્રી કલ્યાણભાઈ વેકરિયા :-

- ભગવાનના સગુણ-નિર્ગુણપણાની વાત સમજવાની વચનામૃત પ્રથમ-૩૩, મધ્ય-૪૨ અને કારીયામીના ૮ થી કરી.

- તે પરથી બાપાશ્રીએ જે આ સભાનો મહિમા કહ્યો છે અને શ્રીજીહમારાજે શિક્ષાપત્રીમાં/વચનામૃતમાં ભગવાનના સંબંધે કરીને ભગવાનના ભક્ત અન તો ભક્તની ક્રિયા નિર્ગુણ છે તે વાત કરતાં કહ્યું કે ભગવાનના નિર્ગુણ સ્વરૂપ અને સગુણ સ્વરૂપ જુદા નથી. એક જ સ્વરૂપના ગુણ છે તે ગ.પ્ર.૪૭માં વચનામૃતના આધારે કહ્યું.
- ટુંકમાં ભગવાનનું નિર્ગુણ/સગુણપણું, તેજરૂપ અક્ષરધામનું નિર્ગુણ/સગુણપણું, આ દિવ્યસભાનું નિર્ગુણ/સગુણપણું અને ભગવાનના ભક્તનું નિર્ગુણ/સગુણપણું કેવી રીતે સમજવું તે જણાવ્યું.

### (૯) અ.મુ.શ્રી પ્રશાંતભાઈ સ્વદાસ :-

- 'પુરુષોત્તમ પ્રકાશ' ગ્રંથ લખનાર નિષ્કુળાનંદ સ્વામી શ્રીજી મહારાજથી ૧૫ વર્ષ મોટા હતા. અને તેમનું પૂર્વાશ્રમનું નામ લાલજી સુથાર હતું. અને શેખપાટમાં જન્મ થયો અને ગામમાં તેમની નામના હતી આધોઈ–કચ્છ તેમનું સાસરુ હતું અને આધોઈમાં જ તેમને દિક્ષા આપી નિષ્કુળાનંદ સ્વામી નામ આપ્યું.
- તેમને માધવ અને કાનજી બે દિકરા હતા તે એક સાધુ થયા અને ગોવિંદાનંદ સ્વામી થયા. ત્યારે મહારાજ કહે સિંહના તો સિંહ હોય ને ! જ્યારે સારંગપુરમાં કષ્ટભજન હનુમાનજીની પ્રતિષ્ઠા થઈ ત્યારે આરતી તેમને ઉતારેલ.
- ગુજરાતના નામાંકિત કવિ દલપતરામ સ્વામિનારાયણના સત્સંગી હતા અને એક અંગ્રેજ મિત્રની સાથે ધોલેરા સ્વામીના દર્શને ગયા ત્યારે નિષ્કુળાનંદ સ્વામીને પૂછ્યું કે તમે આર્થિક રીતે સમૃદ્ધ હતા છતાં સાધુ કેમ થયા? ત્યારે સ્વામી કહે સ્વામિનારાયણ ભગવાને રૂમાલ છડીથી સમાધિ કરાવતા તથા વ્યસન છોડવું કેટલું અઘરુ છે તે લાખોને નિર્વસની કર્યા એવા અનેક ઐશ્વર્ય/ચરિત્રો આ આંખે નજરે જોયા છે. તેથી બધુ છોડી તેમને શરણે થયા.
- નિષ્કુળાનંદ સ્વામી કોઈ કાવ્ય કે પીંગળ નહોતા ભણ્યા તોપણ શ્રીજીમહારાજના પ્રતાપે કેટલાય ગ્રંથો રચ્યા તેમનો આ એક ''પુરુષોત્તમ પ્રકાશ'' કવિ દલપતરામ અંગ્રેજને ભણાવવાં માટે રૂપિયા ૧૦૦ કહ્યા તે અંગ્રેજને વધારે લાગ્યા, અને રૂપિયા ૬૦ નક્કી કર્યા. પછી એક મહિનો પુરો થયો ત્યારે રૂપિયા ૬૦ આપ્યા ત્યારે દલપતરામે કહ્યું કે મેં તો વર્ષના ૬૦ કહ્યા છે અને અંગ્રેજ મહિનાના સમજ્યો. પછી તે અંગ્રેજને ક્ષોભ થયો અને માફી માગી પણ કવિ દલપતરામે તો પોતે સમજ્યા પ્રમાણે કર્યુ.
- પારાયણના યજમાન શ્રી કાનજીભાઈ રૂપાણી વિદ્યાનગર અભ્યાસ માટે આવ્યા અને સ્વદાસ સાહેબ મારફત મામાશ્રીનો યોગ થયો અને સ્વામિનારાયણના સત્સંગી થયા અને બાપાશ્રી તથા કારણ સત્સંગની જે રીતે ઓળખાણ થઈ તે વાત વિસ્તારીને કરી.
- આપણે ગમે ત્યાં હોઈએ પણ બાપાશ્રીએ આપણને મૂર્તિમાં રાખ્યા છે તો એનું ઋણ ચુકવવા બાપાશ્રી પ્રાગટ્યોત્સવ કરવા દર વર્ષે શ્રી અબજીબાપાની છતેડીએ પ્રબોધીની એકાદશીએ આવવું.

### (૧૦) અ.મુ.શ્રી સંદિપભાઈ મહેતા :-

- 'પુરુષોત્તમ પ્રકાશ' ગ્રંથની કથા ચાલી રહી છે. પુરુષોત્તમ એટલે સ્વામિનારાયણ અને પ્રકાશ એટલે મહિમા. મહિમા સમજાય એટલે કાંઈ બાકી ન રહે.
- આપણને કોણ મળ્યું છે એનો કેફ હોવો જોઈએ. બાપાશ્રીએ અહિં ચરણારવિંદ પધરાવી આશીર્વાદ આપ્યા છે.
- આ કથા આપણી પાત્રતામાં વધારો કરે છે. માટે તેનું શ્રવણ કરી આગળ વધતા રહેવાનું.
- બાપાશ્રી, વૃંદાવનદાસ સ્વામી, ઈશ્વર સ્વામી, મુનિસ્વામી, સોમચંદબાપા વગેરે બધાયે જીવને ભગવાનમાં જોડી ''મહારાજ જ'' એ વાત સમજાવી છે.
- ઈ.સ. ૧૯૯૪માં બાપાશ્રી સાર્ધ શતાબ્દી પ્રસંગે નિજમંદિરમાં હરિકૃષ્ણ મહારાજને અભિષેક થતો હતો. ત્યારે સિંહાસનમાં બાપાશ્રીની મૂર્તિ, બહેનોના મંદિરમાં બાપાશ્રીની મૂર્તિ અને મિશનમાં બાપાશ્રીની મૂર્તિ એમ

ત્રણે જગ્યાએ બાપાશ્રીનું ધોતીયું ભીનું થયું હતું. એમ મહારાજ અને બાપાશ્રીની એકતા છે.

- સ્વદાસ સાહેબે ઘણાને બાપાશ્રીની ઓળખાણ મામાનો ભેટો કરાવીને કરાવી છે.

## (૧૧) અ.મુ.શ્રી ગોવિંદભાઈ વેકરિયા (પ્રમુખશ્રી, છતેડીધામ)

- શાસ્ત્રની મર્યાદા જાણવી રાખી વક્તાશ્રી આપણને કથા પ્રસંગો સારી રીતે સમજાવે છે.
- કેવળ કૃપા કરી શ્રીજીમહારાજ મનુષ્યરૂપ ધારણ કરી આ પૃથ્વી પર પધાર્યા. ૧૧ વર્ષ છપૈયા/અયોધ્યામાં રહ્યા અને પછી ૭ વર્ષ ખુલ્લા પગે ભારત વર્ષમાં ફરી પૃથ્વી પાવન કરી, અને લોજ પધાર્યા અને મુક્તાનંદ સ્વામી પાસે રહ્યા.
- રામાનંદ સ્વામી થકી દિક્ષા ગ્રહણ કરી અને ધર્મધુરા સંભાળી. પછી અનેક ઉત્સવો કર્યા, સત્સંગમાં વિચરણ કર્યું, મોટા મોટા પરમહંસો કર્યા, મંદિર કર્યા, શાસ્ત્રો કર્યા, શિક્ષાપત્રી સ્વહસ્તે લખીને આપી આત્યંતિક કલ્યાણનું સદાવ્રત સ્થાપ્યું. અને અંતરધ્યાન થયા.
- થોડા સમય બાદ પોતાનું સર્વોપરીપણું અને અનાદિ મુક્તની સ્થિતિ સમજાવવા બાપાશ્રીને મોકલ્યા. આ પવિત્ર સ્થાને દેવબાને વરદાન આપ્યું અને બાપાશ્રી પ્રગટ થયા.
- બાપાશ્રીએ અનેક યજ્ઞ કર્યા જેમાં મોટા મોટા સંતો-ભક્તો આવતા તેમને શ્રીજીમહારાજની મૂર્તિમાં જોડ્યા અને કહ્યું કે આપણે આ કરવા માટે પધાર્યા છીએ.
- બાપાશ્રીએ આ પોતાના જન્મસ્થાને શ્રીજીમહારાજના ચરણારવિંદ પધરાવ્યા અને હનુમાનજી પધરાવ્યા. ત્યારબાદ બાપાશ્રી અંતરધ્યાન થયા તેની સ્મૃતિ છત્રી થઈ અને પછી મુનિસ્વામીએ ટ્રસ્ટની રચના કરાવી સં.૨૦૨૦ (ઈ.સ.૧૯૬૪) માં મંદિર નિર્માણ કર્યું. ત્યારબાદ ઉત્તરોતર આ સ્થાનનો વિકાસ છેલ્લા ૬૫ વર્ષથી થતો આવ્યો છે.
- જે જગ્યાએ સં ૨૦૫૧ (ઈ.સ.૧૯૯૪)માં બાપાશ્રી પ્રાગટ્યનો સાર્ધ શતાબ્દી મહોત્સવ ઉજવાયો હતો તે જ સ્થાને ૩૦ વર્ષ બાદ આ ભવ્ય અને દિવ્ય સહજાનંદ મંડપ તૈયાર થયો છે.
- આ સેવક ઉપર ધનબા ફઈના શિષ્ય કાનબા ફઈ તથા બાપાશ્રીના પુત્રી વાલબાઈ ફઈ, પુત્ર કાનજીબાપા/ મનજીબાપા વગેરેનો રાજીપો હતો. અને મારી નાની એવી ૩૦ વર્ષની ઉંમરે જાદવજીબાપા તથા નારાયણ મામાએ આ સ્થાનમાં ટ્રસ્ટી અને પ્રમુખ તરીકે નિમણુંક કરાવી છે.
- મને સદાય બધાયને વિષે દિવ્યભાવ રહે અને કોઈનો અભાવ ન આવે એવી મહારાજ-બાપા અને આ સભાને પ્રાર્થના કરું છું.

## (૧૨) શ્રી હિરેનભાઈ કાનજીભાઈ રૂપાણી (યજમાનશ્રી)

- આ પારાયણમાં લાભ અમને મળ્યો તે બદલ છત્રી સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ, વક્તા મહોદય શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામી, મહાપૂજા કરાવનાર શ્રીજી પ્રકાશદાસજી સ્વામી તથા પધારેલ સંતો, સાંખ્યયોગી માતાઓ, તથા આ ઉત્સવ અંતરગત ઉજવાયેલ પોથીયાત્રા, છાબયાત્રા, ઠાકરથાળી વગેરેમાં સહયોગ આપનાર બાઈ-ભાઈ ભક્તોનો હું આભાર માનું છું. તેમજ સાઉન્ડ સીસ્ટમ, સંગીત, રસોડા વિભાગ, જળ વિભાગ, ઉતારા વિભાગ, સફાઈ વિભાગ, થાળ-ભેટ વિભાગ વગેરેમાં સેવા આપનાર સહુ હરિભક્તોનો આભાર માનું છું. અને બધાયને કોટી કોટી વંદન કરૂં છું.
- મને શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસના સમજાય અને સદાય દિવ્યભાવ રહે એવી આ સભાને પ્રાર્થના કરૂં છું.

# મૂર્તિ સુખે સુખી થયા

- જાદવજીબાપાની સેવા ને કૃપાનો લાભ લેનાર ગામ ભરાડાના શ્રી પ્રાણજીવનભાઈ તળશીભાઈ ભુવા ઉ.વ.૭૨ તા.૨૪-૧૧-૨૦૨૫ના રોજ મૂર્તિ સુખે સુખી થયા છે.

**શ્રીજીમહારાજ તેમને પોતાની મૂર્તિનું સુખ વિશેષ ને વિશેષ આપે અને તેમના પરિવારને ધીરજ અને બળ આપે એવી શ્રીજીમહારાજ તથા બાપાશ્રીના ચરણોમાં પ્રાર્થના........**

# કેળવણી

## ગાંધી સ્વાવલંબન યાત્રા

શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક અને માધ્યમિક શાળા બળદિયામાં તા.૧૩/૧૧/૨૦૨૫ને ગુરુવારના રોજ ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદથી ગાંધી સ્વાવલંબન પદયાત્રાનો સંઘ બળદિયા ખાતે આવ્યો હતો. ગુજરાત વિદ્યાપીઠમાંથી પધારેલા અવનીબેન, પૂજાબેન અને રીયાબેન તથા તેમની સાથે પધારેલા વિદ્યાર્થી ભાઈઓનું શાળામાં સન્માનિત કરવાનું આયોજન શાળાના આચાર્ય શ્રી ડો.એસ.એમ. પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં શાળાના આચાર્ય શ્રી ડો.એસ.એમ.પટેલ સાહેબે પધારેલ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. તથા પધારેલા મહેમાનોનો પરિચય પણ આપ્યો હતો. ત્યારબાદ અવનીબેન, પૂજાબેન અને રીયાબેન સ્વદેશી વસ્તુઓ અપનાવવા બાબતે વિદ્યાર્થીઓને જણાવ્યું હતું. ત્યારબાદ ગુજરાત વિદ્યાપીઠ અને ગાંધીજીના વિચારો અંગેની પણ વાત કરી હતી. અંતે શાળાના શિક્ષિકા બહેનશ્રી જીનીબેને સ્વદેશી વસ્તુઓ અંગે કેટલાક સૂચનો તથા દરેક પાસે શપથ લેવડાવી અને સ્વદેશી અંગેની જાગૃતિ કેળવવામાં હતી. ત્યારબાદ કાર્યક્રમ પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.

## કલા ઉત્સવ

અમારી શ્રી અબજીબાપા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ સેન્ટર સંચાલિત શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક/ માધ્યમિક શાળા-બળદિયામાં રાજ્ય સરકાર દ્વારા વિદ્યાર્થીઓમાં ચિત્રકલા, બાળકવિ, સ્પર્ધા, સંગીત (ગાયન અને વાદન) વગેરે જેવા કૌશલ્યોના ભાગરૂપે વિદ્યાર્થીઓમાં રહેલી કલા અને પ્રતિભાને પ્રેરણા અને પ્રોત્સાહન પૂરું પડી શકાય એ હેતુથી વર્ષ ૨૦૨૫-૨૬માં જી.સી.આર.ટી. ગાંધીનગર દ્વારા કલા ઉત્સવ કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્ય શ્રી ડો.એસ.એમ.પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કલા ઉત્સવની થીમ '' વિકસિત ગુજરાત @2047'' રાખેલ હતી. કલા ઉત્સવમાં થીમ આધારિત ચિત્ર સ્પર્ધા, બાળકવિ સ્પર્ધા, સંગીત (ગાયન અને વાદન) સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ધોરણ-૬ થી ૧૦ ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધાનું સૌ પ્રથમ આયોજન શાળા કક્ષાએ કરવામાં આવ્યું હતું. જેમાં દરેક સ્પર્ધામાંથી પ્રથમ નંબર આપવામાં આવ્યો હતો. જેમાં ચિત્ર સ્પર્ધામાં સોરઠીયા પ્રિન્સ તથા જરૂ દર્શ પ્રથમ નંબરે આવ્યા હતા. ત્યારબાદ વાદન સ્પર્ધામાં ચાવડા ક્રિષ્ના તથા બોરીચા યુગ પ્રથમ આવ્યા હતા. ત્યારબાદ પ્રથમ નંબરે આવનાર વિદ્યાર્થીઓને તા. ૨૦/૧૧/૨૦૨૫ ને ગુરુવારના રોજ સી.આર.સી.કક્ષાએ તથા ૨૧/૧૧/૨૦૨૫ ને શુક્રવારના રોજ ક્યુ.ડી. સી.કક્ષાએ સ્પર્ધા માટે શાળાના શિક્ષક શ્રી નરેન્દ્રભાઈ તથા શ્રીમતિ કોમલબેન વિદ્યાર્થીઓને લઈને ગયા હતા. ક્યુ.ડી.સી. કક્ષાએ ચિત્ર સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થી સોરઠીયા પ્રિન્સ તથા વાદન સ્પર્ધામાં ચાવડા ક્રિષ્ના જેમને તૃતિય નંબર મેળવ્યો હતો. શાળાના આચાર્યશ્રી ડો.એસ.એમ.પટેલ સાહેબે કલા ઉત્સવમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને શાબ્દિક પ્રોત્સાહન આપી ઉત્તરોત્તર પ્રગતિ કરતાં રહો એવા શુભાશિષ પાઠવ્યા હતા.

## Spoken English Activity

શ્રી અબજીબાપા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ સેન્ટર સંચાલિત શ્રી ઘનશ્યામ એકેડેમી બળદિયા, મધ્યે અંગ્રેજી પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય શ્રીમતિ શુભાંગીબેન જોશીના માર્ગદર્શન હેઠળ તા.૧૫/૧૧/૨૦૨૫ શનિવારના રોજ અંગ્રેજી પ્રવૃત્તિનું આયોજન આ મુજબ કરવામાં આવેલ હતું.

શિક્ષકો દ્વારા શાળામાં અને વર્ગમાં બોલાતા નિયમિત વાક્યો તથા તેમના યોગ્ય ઉચ્ચારણો શીખવવામાં આવ્યાં. જેમાં બાળકોએ વર્ગમાં બોલાતા નિયમિત વાક્યોની નોંધ તેમની નોટબુકમાં કરી. જેમાં દરેક વર્ગના વિદ્યાર્થીઓએ તેમનો પરિચય અંગ્રેજીમાં આપ્યો. શિક્ષકો દ્વારા અંગ્રેજી શબ્દોની રમત રમાડવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ હતો. આ અંગ્રેજી પ્રવૃત્તિને સફળ બનાવવા જીનિયસ હાઉસના શિક્ષકો અને અંગ્રેજી વિભાગના શિક્ષકો શીતલ કેરાઈ, મયુરી હિરાણી, ગાર્ગી જોશી, દિપાલી ગોસ્વામી એ પોતાનું યોગદાન આપ્યું હતું.

અંગ્રેજી પ્રવૃત્તિનો હેતુ અભ્યાસમાં આવતા મુદ્દાઓ ઉપરાંત અંગ્રેજી ભાષા દ્વારા વ્યવહારિક જ્ઞાન મેળવે અને વિદ્યાર્થીઓનો શબ્દભંડોળ વધારવા માટેનો હેતુ રહ્યો હતો.

## સમાજ સહાયકોની ઓળખ-શ્રી ઘનશ્યામ એકેડેમી, બળદિયા

શ્રી ઘનશ્યામ એકેડેમીમાં તા.૧૫-૧૧-૨૦૨૫ના સમાજ સહાયકોની ઓળખ (Community Helpers) પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું માર્ગદર્શન શાળાના આચાર્ય શ્રીમતી શુભાંગી બહેન જોષી દ્વારા આપવામાં આવ્યું.

કાર્યક્રમની શરૂઆતમાં બાળકોને સમાજ સહાયકો વિશે માહિતગાર કરવામાં આવ્યા. બાળકો અલગ-અલગ સમાજ સહાયક બનીને આવ્યા હતા. જેમકે, ડોક્ટર, પોલીસ, આર્મીમેન, ફાયર ફાઈટર, સેફ, શિક્ષક, પાઈલટ ત્યારબાદ બધા પોતે બનેલ સમાજ સહાયકના કાર્યો વિશે અંગ્રેજીમાં બે-ત્રણ વાક્યોમાં સમજ આપી હતી.

K.G વિભાગના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો અને સમાજ સહાયકોના કાર્યોને સમજ્યા.

આ રીતે શાળામાં યોજાયેલી પ્રવૃત્તિ બાળકો માટે યાદગાર ક્ષણો બની રહી.



વિશ્વાસ રાખીને પ્રીતી સહિત જે ભગવાનની વાત સંભળાવી એથી બીજું મનને સ્થિર થવાનું ને નિર્વિષય થવાનું કોઈ મોટું સાધન નથી.






## કેળવણી




## ૧૮૧ માં અબજીબાપાશ્રી પ્રાગટ્ય ઉપલક્ષ્યે



## સેવા યજ્ઞ



૧૮૧ માં અબજીબાપાશ્રી પ્રાગટ્ય ઉપલક્ષ્યે

સંત પૂજન અને સન્માન



૧૮૧ માં અબજીબાપાશ્રી પ્રાગટ્ય ઉપલક્ષ્યે
સંત પૂજન અને સન્માન

MURTI
DECEMBER 2025
Year - 22 : Issue - 12
Gujarati Monthly. RNI No. GUJGUJ/2004/52455. Permitted to Post at Bhuj Sorting Office on Date 13th of every month under Postal Registration No. G/KCH/173/2025-2027. Licence to post without pre-payment No. G-PMG-RJT/030/2025

# ૧૮૧ માં અબજીબાપાશ્રી પ્રાગટ્ય ઉપલક્ષ્યે







ઠાકરથાળી













શ્રી અબજીબાપાની છત્રેડી
બળદિયા-કચ્છ

**-: Publisher :-**
Shree Abjibapani Chhatedi & Hanumanji Mandir,
Post : Baladia, Ta.: Bhuj, Dist : Kachchh,
GUJARAT : PIN - 370427.
Contact No. 90990 49282 / 90990 49284

Printed and Published by Kalyan Naran Vekaria, on behalf of Abjibapashri ni Chhatri & Hanumanji Mandir Trust. Printed at Swastik Printers - Basement Pindoriya Chambers , New Station Road, Bhuj-Kachchh. 370001 and Published at Abjibapashri ni Chhatri & Hanumanji Mandir Trust. Po. Baladia, Bhuj-Kachchh. Editor : Kalyan Naran Vekaria